<table>
<tr><td rowspan="6"></td><td rowspan="6">सत्य मेव जयते</td><td>રજૂ તારીખ:–</td><td colspan="3">૨૭/૦૧/૨૦૨૩</td></tr>
<tr><td>દાખલ તારીખ:–</td><td colspan="3">૩૦/૦૧/૨૦૨૩</td></tr>
<tr><td>જજમેન્ટ તારીખ:–</td><td colspan="3">૦૩/૦૮/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">અવધિ:–</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિન</td></tr>
<tr><td>૦૩</td><td>૦૬</td><td>૦૪</td></tr>
<tr><td>આંક:–</td><td colspan="3"></td></tr>
</table>

**FORM-A**

<table>
<tr><td colspan="2"><u>મોરવા (હ) ના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુડી. મેજી.ફ.ક.,</u><br><u>શ્રી પી.એમ.જોષી સાહેબની કોર્ટમાં, મુ. મોરવા (હ)</u><br>ચુકાદાની તા.૦૩/૦૮/૨૦૨૬<br>ફોજદારી કેસ નંબર–૦૭/૨૦૨૩<br>(મોરવા (હ) પો.સ્ટે. ફ. ગુના રજી. નં.૫૦૬૯૦/૨૦૨૨)</td></tr>
<tr><td>ફરીયાદી.</td><td>સરકારશ્રી</td></tr>
<tr><td>REPRESENTED BY</td><td>વિ.એ.પી.પી.એલ.એસ.ગઢવી.</td></tr>
<tr><td>આરોપીઓ</td><td>(૧) વાસુદેવભાઈ ઉર્ફે વાસુ માનસિંગભાઈ ડામોર (૨) અરજણભાઈ ઉર્ફે અર્જુનભાઈ વિક્રમભાઈ ડામોર (૩) દિનેશભાઈ ઉર્ફે બળદેવભાઈ વિક્રમભાઈ ડામોર તમામ રહે. સુલીયાત, ભલાડા ફળીયુ, તા.મોરવા(હ),જિ.પંચમહાલ.</td></tr>
<tr><td>REPRESENTED BY</td><td>આરોપીઓ તરફે વિ.વ.શ્રી વિ.વિ.ગણાસવા</td></tr>
</table>

**FORM-B**

| | |
|---|---|
| ગુનાની તારીખ. | ૦૪/૧૧/૨૦૨૨ |
| FIR ની તારીખ. | ૦૫/૧૧/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ. | ૩૦/૦૧/૨૦૨૩ |

| | |
|---|---|
| ચાર્જ ફ્રેમની તારીખ. | ૧૫/૦૯/૨૦૨૩ |
| પુરાવાની શરૂઆતની તારીખ. | ૧૫/૦૯/૨૦૨૩ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે. | ૦૩/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ. | ૦૩/૦૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | |

**આરોપીઓની માહીતી.**

| આરોપીઓની રેન્ક. | આરોપીઓનુ નામ. | ધરપકડની તારીખ. | જામીન પર છુટવાની તારીખ. | ચાર્જફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી. | કલમ 468, B.N.S.S. ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| (૧) વાસુદેવભાઈ ઉર્ફે વાસુ માનસિંગભાઈ ડામોર<br>(૨) અરજણભાઈ ઉર્ફે અર્જુનભાઈ વિક્રમભાઈ ડામોર<br>(૩) દિનેશભાઈ ઉર્ફે બળદેવભાઈ વિક્રમભાઈ ડામોર | | – | – | ભારતીય દંડ સંહીતા ની કલમ–૩૨૩,૩૩૭,૫૦૪,૫૦૬(૨),૧૧૪ | નિર્દોષ | – | – |

FORM-C

**પ્રોસિક્યુશન/ડિફેન્સ/કોર્ટના સાક્ષીઓની યાદી.**

**A. પ્રોસિક્યુશન :**

| રેન્ક નંબર | આંક નંબર | સાહેદનુ નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|---|
| PW-1 | 17 | બાબુભાઈ રામાભાઈ માલીવાડ | ફરીયાદી |
| PW-2 | 22 | હીરાભાઈ બાબુભાઈ માલીવાડ | સાહેદ |

**B. બચાવપક્ષના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|
| DW-1 | -- | -- |

**C. કોર્ટના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|
| CW-1 | -- | -- |

**પ્રોસિકયુશન/બચાવપક્ષ/કોર્ટના આંકની સૂચિ.**

**A. પ્રોસિકયુશન :**

| અનુ. નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|
| 1. | 18 | ફરીયાદ |
| 2. | 23 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 3. | 24,25 | એમ.એલ.સી.સર્ટીફીકેટ |

**B. બચાવપક્ષ :**

| અનુ.નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|
| 1 | આંક___D-1 -- | -- |

**C. કોર્ટથી આંક :**

| અનુ.નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|
| 1. આંક___C-1/CW 1 | -- | -- |

**D. મટેરીયલ ઓબ્જેકટસ.**

| અનુ.નંબર | મટેરીયલ ઓબ્જેકટસ નંબર | વિગત |
|---|---|---|
| 1. MO 1 | -- | -- |

**-:: ઠરાવ ::-**

**ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,ગઈ તા.૦૪/૧૧/૨૦૨૨ ના રોજ કલાક.૧૯:૩૦ વાગ્ય મોજે સુલીયાત ગામે ભલાડા ફળીયામા આ કામના ઈજા પામનાર સાહેદ હીરાભાઈ બાબુભાઈ માલીવાડ નાઓ પોતાની મોટર સાયકલ રોડની સાઈડમાં ઉભી રાખી નજીક મા ઉભેલ હતા. તે વખતે આનં.૧ થી ૪ નાઓ ઈક્કો ગાડીમાં બેસી ઈજા પામનાર સાહેદ પાસે આવી આરોપી નં-૧ નાઓએ ઈજાપામનાર સાહેદ હીરાભાઈ બાબુભાઈ માલીવાડ ને જણાવેલ કે તારી મોટર સાયકલ રોડની સાઈડ મા ઉભી રાખ તેમ જણાવી ઝગડો તકરાર કરી એકદમ ઉશ્કેરાઈ જઈ ગડદા પાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી તેમજ આરોપી નં-૨ થી ૪ નાઓએ સાહેદ હીરાભાઈ બાબુભાઈ માલીવાડનાઓને ગડદા પાટુનો માર મારી તેમજ આરોપી.નં.૧ થી ૪ નાઓએ છુટ્ટા પથ્થરો મારી સાહેદ હીરાભાઈ બાબુભાઈ માલીવાડનાઓને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી, જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહીતા ની કલમ-૩૨૩,૩૩૭,૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના

અંતે જરૂરી પુરાવો એકત્રિત કરી, આરોપીઓ વિરુધ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૧૭૩(૨) મુજબ ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરવામાં આવતાં હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) **<u>પોલીસ તથા કોર્ટ કાર્યવાહી :–</u>**

પોલીસ અહેવાલ રજુ થતાં, ફોજદારી કાર્યરીત સંહીતાની કલમ– ૧૯૦ આધારે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતા ની કલમ–૩૨૩,૩૩૭,૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ, ફોજદારી કાર્યરીત સંહીતાની કલમ– ૨૦૪ અન્વયે સમન્સ કરતાં, હાજર થતાં, ફોજદારી કાર્યરીત સંહીતાની કલમ– ૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, આરોપીઓનું પ્રાથમિક નિવેદન લેવામાં આવતાં આરોપીઓએ ગુન્હા અંગેનો ઈન્કાર કરેલ છે. જેથી સદર કેસ ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**<u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા :–</u>**

(૩) ફરિયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો આરોપ નિ:શં કપણે પુરવાર કરવા માટે ઉપરોકત દર્શાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ છે. આ સિવાય અન્ય કોઈ પુરાવાઓ રજુ કરેલ નથી.

**<u>આરોપીઓનુ વિશેષ નિવેદન :–</u>**

(૪) સદર કામે ફરીયાદ પક્ષે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરીયાદપક્ષના પુરાવાને ધ્યાને લેતાં તેના વડે આરોપીઓને ગુન્હા સાથે સાંકળી શકાય તેટલો મજબુત,સજજડ અને પુરતો પુરાવો જણાતાં સદર કામે આરોપીઓનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ–૩૫૧/ફોજદારી કાર્યરીત સંહીતાની કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામા આવેલ, જેમાં આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરી, તેઓ નિદોર્ષ છે તેમ જણાવી, પોતાના બચાવમાં કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરવા નથી કે સાહેદો તપાસવા નથી, તેવું જણાવેલ. ત્યારબાદ બન્ને પક્ષકારોની દલીલો ઉપર મુકવામાં આવેલ છે.

**<u>પક્ષકારો તર્ફે દલીલો :–</u>**

(૫) આ કામે સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી દલીલો કરતાં જણાવેલ છે કે, આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા, ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોય, આરોપીઓને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

આ કામે આરોપીઓ પક્ષે મૌખિક દલીલો કરતાં જણાવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતા, આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ તહોમત મુજબનો ગુનો પુરવાર થતો ન હોય, જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) આ કામે કેસનો ન્યાયી નિર્ણય કરવા માટે નીચેના મુદ્દા મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

**::– મુદ્દાઓ –::**

૧. શુ ફરિયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે,ગઈ તા.૦૪/૧૧/૨૦૨૨ ના રોજ કલાક.૧૯:૩૦ વાગ્ય મોજે સુલીયાત ગામે ભલાડા ફળીયામા આ કામના ઈજા પામનાર સાહેદ હીરાભાઈ બાબુભાઈ માલીવાડ નાઓ પોતાની મોટર સાયકલ રોડની સાઇડમાં ઉભી રાખી નજીક મા ઉભેલ હતા. તે વખતે આનં.૧ થી ૪ નાઓ ઇક્કો ગાડીમાં બેસી ઈજા પામનાર સાહેદ પાસે આવી આરોપી નં–૧ નાઓએ ઈજાપામનાર સાહેદ હીરાભાઇ બાબુભાઇ માલીવાડ ને જણાવેલ કે તારી મોટર સાયકલ રોડની સાઇડ મા ઉભી રાખ તેમ જણાવી ઝગડો તકરાર કરી એકદમ ઉશ્કેરાઇ જઇ ગડદા પાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી તેમજ આરોપી નં–૨ થી ૪ નાઓએ સાહેદ હીરાભાઇ બાબુભાઇ માલીવાડ નાઓને ગડદા પાટુનો માર મારી તેમજ આરોપી.નં.૧ થી ૪ નાઓએ છુટ્ટા પથ્થરો મારી સાહેદ હીરાભાઇ બાબુભાઇ માલીવાડ નાઓને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી ,જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહીતા ની કલમ–૩૨૩,૩૩૭, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શુ હુકમ ?

(૭) આ કામે ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**<u>::– નિર્ણયો –::</u>**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**<u>–: નિર્ણય અંગેના કારણો :–</u>**

**: <u>મુદ્દા નં.૧</u> :**

(૮) આ કામે આરોપીઓ સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુળભુત સિદ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવુ જોઈએ અને ફરીયાદપક્ષે આરોપીઓ સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષના સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબીત કરવું જોઈએ. આ કામે જ્યારે આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતા ની કલમ–૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે આરોપીઓ સામે સદર ગુનો સાબીત કરવા માટે નીચે મુજબના તત્વો સાબીત કરવા જોઈએ –

**<u>કલમ–૩૨૩ ના તત્વો.</u>**

૧. આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશક્તિ નિપજાવ્યા,

૨. આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપુર્વક કર્યુ હતુ.

**<u>કલમ–૫૦૪ ના તત્વો.</u>**

૧. આરોપીએ ઈરાદાપુર્વક કોઈ વ્યક્તિનું અપમાન કર્યું,

૨. તેમ કરીને આરોપી તે વ્યક્તિને ઉશ્કેરવા માંગતી હતી,

૩. આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંદ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

**<u>કલમ–૫૦૬(૨) ના તત્વો.</u>**

૧. આરોપીએ ફરીયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યક્તિમાં હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની ધમકી આપી.

૨. આવી ધમકી ફરીયાદી કે ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનૂનબદ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનૂની અધિકાર હોય તેવું કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્રહીનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

– **<u>આઈ.પી.સી.કલક–૧૧૪</u>** મુજબનો શીક્ષાપાત્ર ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે.

(૧) મુખ્ય ગુન્હો બન્યો હોવો જોઈએ, એટલે કે, જે ગુન્હાની મદદગારી કરવામાં આવી હોય તે ગુન્હો બન્યો હોવો જોઈએ.

(૨) તે મુખ્ય ગુન્હામાં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

(૩) ગુન્હો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઈએ.

(૪) અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચીત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ તથા

(૫) ગુન્હો બનતા પહેલા તથા ગુન્હો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

(૯) આ કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે **આંક –૧૭ થી ફરીયાદી બાબુભાઈ રામાભાઈ માલીવાડ** ને સોગંદ પર તપાસવામા આવેલ છે. તેઓએ તેમની સોગંધ પરની સરતપાસમા જણાવેલ છે કે, બનાવ આજથી આશરે બે વર્ષ પહેલા બનેલો. **બનાવ વખતે તે તેમના ખેતરે પાણી વાળવા ગયેલા અને તેમનો છોકરો હીરાભાઈ તેમના નવા મકાને હતો તે વખતે તેઓને આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલા ચાલી થઈ હતી. તે સીવાય બીજુ કઈ બનેલ નહી** બનાવ વખતે ઘણા બધા માણસો ભેગા થઈ જવાથી તેમના છોકરોને પડી જવાથી ઈજા થયેલી જેની દવા સારવાર કરાવેલી. બનાવ વખતે તેઓએ ઉશ્કેરાટમાં આવી હાલની ફરીયાદ મોરવા પો. સ્ટેશને જઈ કરેલી.તેમને તે ફરીયાદ બતાવવામાં આવે છે. જેમા તેમના ડાબા હાથના અંગુઠાનુ નીશાન ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આંક–૧૮** આપવામાં આવેલ છે.

આમ, સદરહુ સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નહીં હોવાથી એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદરહુ સાહેદને ફરી ગયેલા

જાહેર કરવામાં આવ્યા છે. એ.પી.પી.શ્રી દ્વારા સદર સાહેદને ઉલટતપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવામા આવેલ છે તેમ છતા સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમા **એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,બનાવ બન્યા બાદ તેઓ બનાવ સ્થળે પહોચેલ તથા બનાવ કેવી રીતે બનેલ તે તેઓ ચોકકસ કહી શકે નહી.**

(૧૦) આ કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે **આંક – ૨૨ થી સાહેદ હીરાભાઈ બાબુભાઈ માલીવાડ** ને સોગંદ પર તપાસવામા આવેલ છે. તેઓએ તેમની સોગંધ પરની જુબાનીમા જણાવેલ છે કે, આજથી આશરે ચારેક વર્ષ પહેલા તે તેમની મો.સા.લઈને તેમના ગામમા ગયેલા અને ફરી પાછા તેમના નવા મકાન પર આવેલા અને રોડની સાઈડમા મો.સા. ઉભી કરી ઉભા હતા ત્યારે સાજના સમયે આશરે સાડા છએક વાગ્યે સામેથી એક ગાડીવાળો આવેલો અને તેમની મો.સા. રસ્તા ઉપર કેમ ઉભી કરેલી છે તેમ કહી **સામાન્ય બોલાચાલી થયેલી.** તે સમયે બીજા માણસો અરજનભાઈ વિક્રમભાઈ, દિનેશભાઈ વિક્રમભાઈ, અને હિતેશભાઈ વિક્રમભાઈ નાઓ પણ આવેલા અને તેમની સાથે બોલાચાલી કરેલી. બનાવ સબધે તેમના પિતા બાબુભાઈ રામાભાઈ માલીવાડ નાઓએ ફરીયાદ આપેલી.

જે બાબતે પોલીસે તેમનો જવાબ લીધેલો.

આમ, સદરહુ સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપતા નહીં હોવાથી એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદરહુ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા છે. એપીપીશ્રી ધ્વારા સદર સાહેદને ઉલટતપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવામા આવેલ છે તેમ છતા સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલ નહિ તથા આરોપીઓ એ તેમને કોઈ માર મારેલ નથી કે કોઈ ગાળો બોલેલ નથી કે ઈજા કરેલ નથી.**

**પુરાવાનુ મુલ્યાંકન**

**મુદ્દા નં.૧ :-**

(૧૧) આ કામે રેકર્ડ પર આવેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તે પહેલાં કેટલાક કાયદાકીય સિધ્ધાંતો ટાંકવા અત્રે જરૂરી જણાઈ છે,જે નીચે મુજબ છે.

ભારતીય ક્રીમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રીમીનલ જયુરીસપુડન્સ મુજબ  ફરીયાદ પક્ષે તેનો કેસ વ્યાજબી શંકા થી પર સાબીત કરવાનો રહે છે. વધુમાં ફરીયદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબીત કરવાનો રહે છે. વધુમાં

કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને **"strictly construed"** કરવાનું રહે છે, એટલે અદાલતે કાયદાનાં શબ્દો **(Litera legis)** કરતાં આગળ વધવું જોઈએ નહી.

**<u>Beyond reasonable doubt એટલે શું ?</u>**

ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવા નો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબજ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ઘ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા નિર્ણય ઉપર પહોંચે કે, આરોપી વ્યાજબી શંકાથી પર ગુનેગાર છે,જે અન્વયે પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રીમ કોર્ટ દ્વારા સ્થાપિત સિઘ્ધાંતો ઘ્યાને લેવા જોઈએ, જે અન્વયે **જયંતિલાલ કુબેર દાસ શર્મા વિરૂઘ્ઘ રાજય ૨૦૦૭(૧) જી.એલ. આર.૯૯ ઘ્યાને લેતા :**

> A Judge does not preside over a criminal trial merely to see that no innocent men is punished, A Judge also preside to see that guilty man does not escape. Both are public duty.The proof beyond reasonable doubt is mere guideline and not fetish. Reasonable doubt is not an imaginary, trival, or merely possible doubt,but a fare doubt based upon reason and common sense.

આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઈએ અને તે કાલ્પીનક ન હોવો જોઈએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહી પરંતુ વ્યાજબી શંકા આરોપીની ગુનામાં સંડોવણી કે આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઈએ.

પુરાવાના મુલ્યાંકન સબંધીત વધુ ચર્ચા કરવામાં આવે તો પુરાવાના મુલ્યાંકન શબ્દની અસરકારક કાનુની છણાવટ ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની ત્રીજી આવૃતીના પાન નં. ૭૩ ઉપર ઓથર માનનીય શ્રી બી.એન. જાની દ્વારા કરવામાં આવેલ છે. જે અત્રે ટાંકવી આવશ્યક જણાતી હોય જે નીચે મુજબ ટાંકેલ છે.

'' પુરાવાનું મુલ્યાંકન '' શબ્દો પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈપણ કાનુન સમપ્રીત નિયમો નથી. કારણ કે પુરાવાનું મુલ્યાંકન એક ભાવાત્મક પ્રક્રિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલીત છે. જયારે પુરાવાના મુલ્યાંકન વિષે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ–૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે સાબીત તથા ના સાબીત શબ્દો વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકીકતનું અસ્તીત્વ કે અનઅસ્તીત્વ સાબીત માનવુ તે મુલ્યાંનનો ભાગ છે.

આમ, પુરાવાના મુલ્યાંકન સબંધીત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્વાર રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબીત થયેલ હોય તો આરોપીના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપીત ગુનો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબીત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહી. આમ, ફરીયાદ પક્ષના પુરાવા પરથી આક્ષેપીત ગુનો સાબીત કે નાસાબીત થયેલાની પ્રક્રિયા એ પુરાવાના મુલ્યાંકનનો ભાગ છે.

વધુમા ફોજદારી કેસના ન્યાયીક નિર્ણય વખતે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે **નામ. સુપ્રિમ કોર્ટે કે.એમ. નાણાવટી વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (એઆઈઆર–૧૯૬૨ સુપ્રિમ કોર્ટ ૬૦૫)**ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિધ્ધાંતો અદાલતે ધ્યાને રાખવા જરુરી બને છે.

(૧) ફરીયાદપક્ષે આરોપી ઉપર મુકેલ આરોપ નિ:શંકપણે સાબીત કરવાના રહે છે.

(૨) સમગ્ર ટ્રાયલ દરમ્યાન પુરાવાનો બોજો શરુઆતથી અંત સુધી ફરીયાદપક્ષ ઉપર રહે છે.

(૩) આરોપીનું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરીયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

(૪) અપવાદરુપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવું અદાલતે અનુમાન કરવાનું રહે છે.

(૫) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનુ છે અથવા તો તેવા સંજોગોનું અસ્તિત્વ હતું તે સાબિત કરવાનો બોજો આરોપી ઉપર રહે છે.

(૬) આરોપીએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી શકે છે કે બચાવમાં સાક્ષી તપાસી શકે છે. અથવા ફરીયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સંજોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

(૭) આરોપીએ પોતાનો બચાવ સંભવિતતાના બાહુતુલ્ય આધારે કરવાનો રહે છે.

**(૧૨)** આમ, આ કામે ફરીયાદપક્ષે રજૂ થયેલ મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી તથા સાહેદે

સરતપાસમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થનકારક કોઇ હકીકત જણાવેલ ના હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કારક કોઈ હકીકત જણાવેલ નહી તેમજ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બન્યા બાદ તેઓ બનાવ સ્થળે પહોચેલ તથા બનાવ કેવી રીતે બનેલ તે તેઓ ચોકકસ કહી શકે નહી.

(૧૩) આ કામે ફરિયાદી તથા સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી ફરિયાદ પક્ષ તરફે ઈજા પામનાર ફરિયાદી/સાહેદ પોતે જાતે હોય તેમની જુબાનીનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે અંગે નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા વંચાણે લેતા નીચે મુજબ છે.

**Balu Sudam Khalde And Ors. Vs. The State Of Maharashtra, MANU/SC/0328/2023, in Para 25 as follows:**

25. The appreciation of ocular evidence is a hard task. There is no fixed or straight-jacket formula for appreciation of the ocular evidence. The judicially evolved principles for appreciation of ocular evidence in a criminal case can be enumerated as under:

26. When the evidence of an injured eye-witness is to be appreciated, the under-noted legal principles enunciated by the Courts are required to be kept in mind:

(a) The presence of an injured eye-witness at the time and place of the occurrence cannot be doubted unless there are material contradictions in his deposition.

(b) Unless, it is otherwise established by the evidence, it must be believed that an injured witness would not allow the real culprits to escape and falsely implicate the Accused.

(c) The evidence of injured witness has greater evidentiary value and unless compelling reasons exist, their statements
are not to be discarded lightly.
(d) The evidence of injured witness cannot be doubted on account of some embellishment in natural conduct or minor contradictions.
(e) If there be any exaggeration or immaterial embellishments in the evidence of an injured witness, then such contradiction, exaggeration or embellishment should be discarded from the evidence of injured, but not the whole evidence.
(f) The broad substratum of the prosecution version must be taken into consideration and discrepancies which normally creep due to loss of memory with passage of time should be discarded.

27. In assessing the value of the evidence of the eyewitnesses, two principal considerations are whether, in the circumstances of the case, it is possible to believe their presence at the scene of occurrence or in such situations as would make it possible for them to witness the facts deposed to by them and secondly, whether there is anything inherently improbable or unreliable in their evidence. In respect of both these considerations, circumstances either elicited from those witnesses themselves or established by other evidence tending to improbabilise their presence or to discredit the veracity of their statements, will have a bearing upon the value which a Court would attach to their evidence. Although in cases where the plea of the Accused is a mere denial, the evidence of the prosecution witnesses has to be examined on its own merits, where the Accused raise a definite plea or put forward a positive case which is inconsistent with that of the prosecution, the nature of such plea or case and the probabilities in respect of it will also have to be taken into account while assessing the value of the prosecution evidence.

**આમ, ના.** સર્વોચ્ચ અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે **ઈજા પામનારની જુબાની સંપૂર્ણપણે સમર્થનકારી હોય અને વિશ્વાસજન્ય હોય તો તેના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય . ઈજા પામનારનો પુરાવો ફરિયાદ પક્ષના કેસને સચોટકારી પુરાવો હોય તો તેના ઉપર આધાર રાખી શકાય તેમ છે, તેવી ફરિયાદ પક્ષની દલીલ સાથે હું સહમત છું.** તેમજ ઈજા પામનારના પુરાવાનુ મૂલ્યાંકન બીજા સાહેદોના પુરાવા કરતા વધારે મહત્વનુ રહેલ છે પરંતુ તમામ વખતે ઈજા પામનાર સાચા જ હોય તેવું માની લેવું જોઈએ નહીં. આ તબક્કે સાહેદ ખોટું બોલતા હોય તેવી ધારણા કરવી પણ ઉચિત નથી પરંતુ ફરિયાદ પક્ષના કેસની હકીકતને ધ્યાનમાં લેતા ઈજા પામનારની જુબાની વિશ્વાસપાત્ર ના હોય અને ભરોસાપાત્ર ના હોય તેમજ મેજર કોન્ટ્રાડીકશન રેકર્ડ ઉપર આવેલા હોય તેવા સંજોગોમાં ફરિયાદપક્ષ ને ઉપરોકત ચુકાદો મદદરૂપ થતો નથી તેવુ મારુ નમ્રપણે માનવુ છે. તે સંજોગોમા ઈજા પામનાર સાહેદની જુબાનીથી આ કામના આરોપીને દોષીત ઠરાવી શકાય તેમ નથી.

વધુમા ચર્ચા કરવામા આવે તો આ કામે ફરિયાદ પક્ષના સાહેદો, ઈજા પામનારના સંબંધી હોય અને એક જ કુટુંબના સભ્યો હોય તમામ સાહેદો ઈન્ટરેસ્ટેડ વીટનેસ હોય તેથી રસ ધરાવનાર સાહેદની જુબાનીનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે અંગે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો વંચાણે લેતા નીચે મુજબ છે.

> **Bhagwan Jagannath Markad Vs. State of Maharashtra, (2016) 10 SCC 537,** The testimony of a witness in a criminal trial cannot be discarded merely because the witness is a relative or family member of the victim of the offence. In such a case, court has to adopt a careful approach in analyzing the evidence of

> such witness and if the testimony of the related witness is otherwise found credible accused can be convicted on the basis of testimony of such related witness.

બચાવપક્ષે દલીલ કરેલ છે કે ફરિયાદ પક્ષે તપાસેલા તમામ સાહેદો અને આરોપીઓ એક જ કુટુંબના અને એક જ જ્ઞાતિના સભ્યો છે તેવા સંજોગોમાં ફરિયાદ પક્ષના કેસને માનવો જોઈએ નહીં. ના. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, રસ ધરાવતા સાહેદ જુબાની આપતા હોય તો તેવા સંજોગોમાં તેમની જુબાની નહીં માનવાને કોઈ કારણ ન હોવું જોઈએ પરંતુ આ કામે એક જ કુટુંબના સભ્યો હોય તેમ છતાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન થાય તેવી કોઈ જુબાની રજૂ કરેલ ના હોય તેવા સંજોગોમાં ફરિયાદપક્ષના કેસને અન્ય સાહેદોની જુબાનીથી સમર્થન મળતુ નહોય તેમની જુબાની પર ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

સદર કામે આરોપી પક્ષે એવી તકરાર ઉઠાવેલ છે કે તપાસકરનાર અમલદારે તેમની તપાસમાં ખામી/બેદરકારી દાખવી હોય, આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે તે અંગે ચર્ચા કરવામા આવે તો, નામદાર અદાલતે **C. Muniappan & Ors vs State Of Tamil Nadu (2010) 9 SCC 567** ના ચુકાદામાં ઠરાવેલ છે જે જોતા નીચે મુજબ છે:

> Para 44. There may be highly defective investigation in a case. However, it is to be examined as to whether there is any lapse by the I.O. and whether due to such lapse any benefit should be given to the accused. The law on this issue is well settled that the defect in the investigation by itself cannot be a ground for acquittal. If primacy is given to such designed or negligent investigations or to the omissions or lapses by perfunctory investigation, the faith and confidence of the people in the criminal justice administration would be eroded. Where there

> has been negligence on the part of the investigating agency or omissions, etc. which resulted in defective investigation, there is a legal obligation on the part of the court to examine the prosecution evidence de hors such lapses, carefully, to find out whether the said evidence is reliable or not and to what extent it is reliable and as to whether such lapses affected the object of finding out the truth. Therefore, the investigation is not the solitary area for judicial scrutiny in a criminal trial. The conclusion of the trial in the case cannot be allowed to depend solely on the probity of investigation.

નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોક્ત સિદ્ધાંતોને માનસહ વંચાણે લીધા, કેસમાં તપાસમાં ખામી હોય તેમ છતાં આરોપીને લાભ આપવો જ જોઈએ તેવા ચુકાદા નથી, પરંતુ હાથ ઉપરના કેસમાં ફરીયાદી/ઈજા પામનાર જ જ્યારે પોતાનો કેસ પ્રસ્થાપિત ન કરી શકે તેવા સંજોગોમાં બીજા પુરાવાનું મૂલ્યાંકન મહત્વનુ રહેતું નથી તેવુ મારુ નમ્રપણે માનવુ છે.

(૧૪) આમ, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોનો પુરાવો વંચાણે લેતાં, આ કામના આરોપીઓએ સાહેદ હીરાભાઈ બાબુભાઈ ને માર મારેલ હોય અને ઈજા કરેલ હોય તેવી કોઈ હકીકત તેઓના પુરાવાથી સ્પષ્ટપણે પુરવાર થતી નથી. આમ, ફરીયાદપક્ષનો પુરાવો જોતાં સદર બનાવ બનેલ છે કે કેમ ? તે અંગે શંકા ઉપસ્થિત થાય છે.જે શંકાનો લાભ ચોકકસપણે આરોપીઓને મળવાપાત્ર છે. વધુમાં આ તબકકે ફોજદારી ધારાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદપક્ષે પોતાનો કેસ પોતાના જ પુરાવાથી સાબિત કરવાનો રહે છે અને ફરિયાદપક્ષ જો પોતાનો કેસ સાબિત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીઓને મળવા પાત્ર રહે છે.

વધુમાં આ કામે ફરીયાદપક્ષે આંક–૨૬ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. પરંતુ, સદર પંચનામાના પંચ સાહેદોને તપાસવામાં આવેલા નથી. જેથી સદર પંચનામું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલાનુ ફલિત થાય છે. તેમજ આંક–૨૪ તથા ૨૫ થી એમ.એલ.સી. આરોપી પક્ષે આંકે પાડવા સામે વાંધો નહી હોવાનો શેરો કરતા રજૂ થયેલ છે. પરંતુ, સદર એમ.એલ.સી.સંબંધીત પણ કોઇ સાહેદને કોર્ટ રૂબરૂ ફરીયાદપક્ષે તપાસેલ નથી. જેથી સદર દસ્તાવેજ ભારતીય પુરાવા/સાક્ષ્ય અધિનિયમની જોગવાઈઓ અન્વયે પુરવાર થયેલ નથી. વધુમાં ઉપરોક્ત દસ્તાવેજોને જેમના તેમ વંચાણે લેવામાં આવે તો પણ ફરીયાદપક્ષ કહે છે તે મુજબનો બનાવ, બનાવસ્થળે બનેલ હોવાનું તથા સાહેદને ઈજા થયેલ હોવાનુ સાબિત થાય પરંતુ, આ બનાવમા હાલના કામના આરોપીઓની સંડોવણી હોય તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા રેકર્ડ પર આવતી ન હોય ફરીયાદપક્ષની હકીકતો નિઃશંકપણે પુરવાર થતી નથી.

**(૧૫)** વધુમાં ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતા ની કલમ–૫૦૪,૫૦૬(૨) મુજબના ગુનાનુ તહોમત મુકવામાં આવેલ છે, તે મુજબ બનાવ સમયે આરોપીઓએ સાહેદને ગાળો બોલી અપમાનીત કરી,જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે, તે આક્ષેપ સબબ ફરીયાદ પક્ષનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદપક્ષે તપાસેલ તમામ સાહેદો પૈકી કોઈપણ સાહેદે બનાવ સમયે આરોપીઓએ કયા પ્રકારની ગાળો બોલતા હતા અને કયા ચોકકસ કયા શબ્દોમાં ધમકી આપેલ તેવા ચોકકસ શબ્દો તેમના મૌખિક પુરાવામાં જણાવેલ નથી. તેમજ આરોપીઓએ તેમને રોજીંદુ કામ કરતા અટકાવતા હોય તેવુ

બનેલ નથી. આમ, બનાવ બન્યા બાદ ફરીયાદી અને સાહેદો રોજીંદા ક્રમ પ્રમાણે કાર્ય કરતા આરોપીઓએ બનાવ બન્યા બાદ તેમને કયારેય અટકાવેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષે રજુ રાખેલ નથી.

વધુમાં ના. ગુજ.વડી અદાલતે ''પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત'' જે ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાન નં. ૩૩૭ ના ચૂકાદામાં એમ ઠરાવેલ છે કે, **In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence. In order to convict an accused under Section-506(2) of Indian Penal Code, the threat as contemplated in Section-506 must cause alarm in the mind of person so threatened.**

આમ, આરોપીઓએ આપેલ ધમકીને કારણે ફરીયાદપક્ષ તેમનુ રોજીંદુ કાર્ય કરવા અસમર્થ રહયા હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. તેમજ આરોપીઓએ સુલેહ ભંગના હેતુથી કયા શબ્દોથી ઉશ્કેરણી કરેલ છે તેવા શબ્દો કે ધમકી રેકર્ડ પર રજુ થયેલ નથી, તે સં જોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતા ની કલમ–૫૦૪,૫૦૬(૨)મુજબનો ગુનો વ્યાજબી શકાંથી પર રહી સાબીત કરી શકેલ નથી તેવુ માનવુ છે.

(૧૬) નામદાર સર્વોચ્ચ આદાલતે **<u>સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન</u>** કેસમાં આપેલ ચુકાદો કે જે **૧૯૯૬(૩) ક્રાઇમ્સ સુપ્રિમ કોર્ટ પાના નં. ૮૫** પર પ્રસિદ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ જ્યારે ફરીયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને વ્યાજબી જણાતુ ન હોય તેવા સંજોગોમાં અદાલતે કિંમતી સમય વેડફાવો જોઇએ નહી. ફરીયાદીની જુબાની લક્ષે લેતા તથા રજૂ પુરસીસ લક્ષે લેતા અન્ય સાહેદોને તપાસવા જરૂરી ન હોય તપાસવામાં આવેલ નથી. આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા, આરોપીઓ વિરૂધ્ધનો કેસ સાબિત થતો ન હોઈ, ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, બચાવપક્ષની દલીલો ગ્રાહય રાખી, ન્યાયના હિતમાં મુદ્દા નં.૧ નકારમાં ઠરાવીને મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં.–૨ અંગે.</u>**

(૧૮) આમ, ઉપર મુદા નં.૧ ની ચર્ચા અને નિર્ણય કર્યો તે મુજબ આરોપીઓ સામેનુ તહોમત પુરવાર કરવામા ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ જતો હોય આરોપીઓએ ગઈ તા.૦૪/૧૧/૨૦૨૨ ના રોજ કલાક.૧૯:૩૦ વાગ્ય મોજે સુલીયાત ગામે ભલાડા ફળીયામા આ કામના ઈજા પામનાર સાહેદ હીરાભાઇ બાબુભાઇ માલીવાડ નાઓ પોતાની મોટર સાયકલ રોડની સાઇડમાં ઉભી રાખી નજીક મા ઉભેલ હતા. તે વખતે આનં.૧ થી ૪ નાઓ ઇક્કો ગાડીમાં બેસી ઈજા પામનાર સાહેદ પાસે આવી આરોપી નં–૧ નાઓએ ઈજાપામનાર સાહેદ હીરાભાઈ બાબુભાઇ માલીવાડ ને જણાવેલ કે તારી મોટર સાયકલ રોડની સાઇડ મા ઉભી

રાખ તેમ જણાવી ઝગડો તકરાર કરી એકદમ ઉશ્કેરાઇ જઇ ગડદા પાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી તેમજ આરોપી નં–૨ થી ૪ નાઓએ સાહેદ હીરાભાઇ બાબુભાઇ માલીવાડ નાઓને ગડદા પાટુનો માર મારી તેમજ આરોપી.નં.૧ થી ૪ નાઓએ છુટ્ટા પથ્થરો મારી સાહેદ હીરાભાઇ બાબુભાઇ માલીવાડ નાઓને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી ,જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહીતા ની કલમ–૩૨૩,૩૩૭,૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો ગુનો કરેલ હોય તેમ માની શકાય નહી તે સંજોગોમા આરોપીઓને નિર્દોષ ઠરાવી, છોડી મૂકવા જોઈએ તેવું આ અદાલતનું નમ્રપણે માનવું છે જેથી મુદ્દા નંબર–૨ અંગે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

(૧) આ કામના આરોપીઓ **(૧) વાસુદેવભાઈ ઉર્ફે વાસુ માનસિંગભાઈ ડામોર (૨) અરજણભાઈ ઉર્ફે અર્જુનભાઈ વિક્રમભાઈ ડામોર (૩) દિનેશભાઈ ઉર્ફે બળદેવભાઈ વિક્રમભાઈ ડામોર તમામ રહે. સુલીયાત, ભલાડા ફળીયુ, તા. મોરવા (હ) ,જિ.પંચમહાલ.** ને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૮(૧), અન્વયે ભારતીય દંડ સંહીતા ની કલમ–૩૨૩,૩૩૭,૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના ગુન્હાના કામે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ અન્વયે આરોપીઓએ અપીલ સમય સુધીના રૂ.૫૦૦૦/ના

જામનીખત તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ રાખવા જે અપીલ સમય પુરો થયા બાદ રદૃ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ.૦૩, માહે–ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મુ. મોરવા(હ)
તા.૦૩/૦૮/૨૦૨૬

**(પ્રહલાદકુમાર મુળશંકર જોષી)**
પ્રિન્સીપાલ સીવીલ જજ અને
જયુ.મેજી.ફ.ક., મોરવા(હ).
કોડ નં.જી.જે.૦૧૭૧૬